# ટપક
E-MAGAZINE

Volume 2, Issue 12

March 2025



૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત


કોટનકનેક્ટ ફાર્મર કોમ્યુનિટી ફાઉન્ડેશન તથા આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ – આલીપોર હોસ્પિટલ તથા રોટરી ક્લબ ઓફ ચીખલી રીવર ફ્રંટના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા મહિલાઓ માટે નિઃશુલ્ક કેન્સર ડિટેકશન કેમ્પ યોજવામાં આવ્યા હતા. જેમાં નીચેની વિગતે લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

| ક્રમ નં. | ગામનું નામ | કેમ્પની તારીખ | લાભાર્થીની મહિલાઓ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાડવા | ૦૩/૦૩/૨૦૨૫ | ૬૦ |
| ૨ | બાબરા | ૦૪/૦૩/૨૦૨૫ | ૭૭ |
| ૩ | દામનગર | ૦૫/૦૩/૨૦૨૫ | ૭૬ |
| ૪ | ખડાધાર | ૦૬/૦૩/૨૦૨૫ | ૬૯ |
| ૫ | ગાંગડા | ૦૭/૦૩/૨૦૨૫ | ૧૦૪ |
| ૬ | સામતેર | ૦૮/૦૩/૨૦૨૫ | ૬૪ |













Share your review




www.sskkamreli.org info@sskkamreli.org

**સંસ્થાની હેડ ઓફીસ ખાતે બ્યુટીશિયના વર્ગોના તાલીમાર્થી બહેનો માટે લુક એન્ડ લર્ન સેમીનારનું તા.૧૭-૦૩-૨૫ના રોજ આયોજન થયું. બ્રાઈડલ મેકઅપ અને રીચેપશન હેરસ્ટાઈલ અંગે સુંદર વિલાસ બ્યુટી સલુન, રાજકોટથી શીતલ જોટંગીયા દ્વારા બેઝીક માર્ગદર્શન લાઈવ ડેમોસ્ટ્રેશનથી આપવામાં આવેલ.**









**સંસ્થામાં ચાલતા લેમ્પ કાર્યક્રમના ૫૦ બાળકોએ તા. ૦૫-૦૩-૨૦૨૫ના રોજ પંડિત સુખલાલજી લોક વિદ્યાલય માતૃધારા - માઈધરની મુલાકાત લીધી. અહી બાળકોને વિજ્ઞાનના પ્રયોગો અને મેદાનની રમતો પર હાથ અજમાવ્યો હતો. દરેક બાળક એક વૈજ્ઞાનિક છે તે સંભાવનાને ધ્યાને રાખી અહીં બાળકોનું નાવિન્યપૂર્ણ શિક્ષણ પધ્ધતિથી ઘડતર થઈ રહ્યું છે.**








લેમ્પ કાર્યક્રમ અંતર્ગત એસએમસી-પીઆરઆઈ અને સમુદાયના સભ્યોના “જીલ્લા સ્તરીય પરામર્શ” કાર્યક્રમનું આયોજન તા. ૧૨/03/૨૦૨૫ના રોજ અમરેલી મુકામે થયું. જેમાં નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ઘનશ્યામભાઈ સોલંકી, શિક્ષણવિદ રવજીભાઈ કાચા, બીપીનભાઈ જોષી, એસએમસી અને પંચાયતના સભ્યો, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષકો અને વાલીઓનું સંકલન, શાળામાં વાલીઓની ભાગીદારી અને ખાનગી શાળા વિ. સરકારી શાળા આ મુદ્દાઓ પર ચર્ચા અને પરામર્શ થયું. જેમાં કુલ ૮૧ લોકો સહભાગી થયા.





૨૫ થી ૨૭ માર્ચ, ૨૦૨૫ના રોજ સીવણ, બ્યુટી પાર્લર, હાથથી બનાવેલા જવેલરી અને બાયો ઓર્ગેનિક ઈનપુટ ટ્રેડની ઉદ્યોગસાહસિક મહિલાઓના પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમને સેવા ટ્રેડ ફેસિલિટેશન સેન્ટર, અમદાવાદ, શિવગંગા ગુરુકુળ, ધરમપુરી - મધ્યપ્રદેશ અને સહજ - દાહોદની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં તેમણે સ્થાનિક મહિલાઓ પાસેથી વ્યવસાય શરૂ કરવા અને ચલાવવા માટે વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું.










## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી 'Walk for Her' મહિલા સ્વાસ્થ્ય માટે એક શક્તિશાળી પહેલ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૫ના ખાસ પ્રંસગે, આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા લાઠી ખાતે 'Walk for Her' કાર્યક્રમ આઉટરીચ પ્રયાસોના ભાગ રૂપે યોજાયો હતો. આ અનોખી પહેલ દ્વારા, ફાઉન્ડેશન દ્વારા ૫૦૦૦ પગલાં ચાલનાર મહિલાઓને મફત તબીબી તપાસ અને સ્તન મેમોગ્રાફી સ્ક્રીનીંગની સવલત આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન, આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રતિનિધિ મીતાબેન અને લાઠી ક્લસ્ટર ટીમના સભ્યો સાથે કુલ ૬૩ મહિલાઓએ રેલીમાં ભાગ લીધો હતો. તેમના દ્વારા દાન કરાયેલા પગલાં મોબાઇલ એપ્લિકેશન દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યા હતા, અને આ ઉમદા કાર્યમાં સહભાગીઓના યોગદાનને પ્રોત્સાહન આપવા અને ઓળખવા માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. વધુમાં, મહિલાઓને શિક્ષિત કરવા અને તેમના સ્વાસ્થ્ય તરફ સક્રિય પગલાં લેવા માટે પ્રેરણા આપવા માટે કેન્સર નિવારણ અને વહેલા નિદાન અંગે જાગૃતિ સત્રો યોજવામાં આવ્યા હતા. આ પહેલ મહિલાઓના આરોગ્ય અને સશક્તિકરણના મજબૂત સંદેશ સાથે તેમના સુખી અને સ્વસ્થ ભવિષ્ય તરફના એક પગથિયા તરીકે જોવામાં આવે છે.









In Honour of Walking for Her

This certifies that

Janakbhai Bhupatbhai Kotadiya

has wholeheartedly supported the Walk For Her initiative organized by Ashirvad Foundation and contributed a total of

44003 Steps

WALK for HER 2025
1 free breast cancer checkup for every 5000 steps walked

Date 08-03-2025

City Lathi

By taking steps towards raising awareness for breast cancer, you have touched the lives of countless women.

www.ashirvadfoundation.org





**સંસ્થા દ્વારા ચાલતા બેટર કોટન કાર્યક્રમ અંતર્ગત ૬૩૮ રેપીડ સોઇલ ટેસ્ટીંગ, ૫૦ ગ્રીન કુક સ્ટવ, કેલેન્ડરની વહેચણી, બાયોચાર ડેમો- ૬, મજુરોની મીટીંગો, નેચરલ ઈનપુટ સેન્ટરની મુલાકાત, એલજી ખેડૂત મીટીંગ, અઠવાડિક મીટીંગ, વિશ્વ મહિલા દિવસની ઉજવણી, વિશ્વ જળ દિવસની ઉજવણી, ક્ષમતાવર્ધન તાલીમો જેવી પ્રવૃતિઓ મહિના દરમિયાન હાથ ધરવામાં આવી.**

















ટપક E-MAGAZINE
Volume 2, Issue 12
March 2025

સંસ્થાના ટીમના સભ્યોએ કેવીકે અમરેલી સાથે જોડાણ કર્યું અને લાઠી (૦૫/૦૩/૨૦૨૫), બાબરા (૧૧/૦૩/૨૦૨૫) અને પીર ખીજડિયા (૧૨/૦૩/૨૦૨૫) ખાતે ખોરાક અને બેકરીની વસ્તુઓ બનાવવા માટે ઓફ કેમ્પસ તાલીમનું આયોજન કર્યું. આ તાલીમમાં કુલ ૧૩૬ મહિલાઓએ ભાગ લીધો. નિષ્ણાંત નેહાબેન તિવારીએ મહિલાઓને રોટલી પીઝા અને રાગીના લાડુ કેવી રીતે બનાવતા તે શીખવ્યું. મહિલાઓને ખૂબ મજા આવી. તેઓએ રાગીનું મહત્વ જાણ્યું અને ઘરે પીઝા કેવી રીતે બનાવવો તે શીખ્યા. હવે મહિલાઓ ઘરે જ જાતે બનાવશે.










વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન શીખેલ બાબતોને વાગોળવા અને સર્ટીફીકેશનની જરૂરિયાતને સમજવા પ્રવૃત્તિ અને ક્ષમતાવર્ધન વડે બે દિવસીય તાલીમ કાર્યશાળાનું કોટનકનેક્ટ દ્વારા નાગપુર ખાતે તા. ૧૯ અને ૨૦ માર્ચ ૨૦૨૫ ના રોજ આયોજન થયું. જેમાં પીયુ ટીમના સભ્યો હાજર રહ્યા હતા.





આ મહીને જળ સંગ્રહની પ્રવૃત્તિઓમાં રાજકોટ જિલ્લાના ૪ ગામોમાં ૫ ચેકડેમનું નવીનીકરણ થયું જેના કારણે જળ સંગ્રહ ક્ષમતામાં નોંધપાત્ર એવો ૧૮૪૪૭૨ ઘન મીટર સુધીનો વધારો થશે. કુલ ૭૨.૩૨ એકર વિસ્તારને આવરી લેતા ૩ ગામોમાં ફાર્મ આઉટલેટ અને બંધ પાળાના કામો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.









સમુદાયના મજબુત સમર્થન અને યુવા જૂથ, ગ્રામ પંચાયત અને અન્ય એનજીઓના યોગદાનથી અમે ૬ ગામોમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ કરી. આ પહેલથી અમે કુલ ૬.૨૮ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે. આ પ્રવૃત્તિ માટે રૂ.૬૧૫૦૦૦ જેટલી રકમનું ભંડોળ મેળવ્યું હતું. અમારા આ પ્રયાસનો હેતુ પર્યાવરણના ટકાઉપણાને વધારવાનો છે.





અમે ભાડવા ફાર્મર્સ પ્રોડ્યુસર કંપનીને ગ્રાઈન્ડીંગ, પેકેજિંગ અને પ્રિન્ટીંગ મશીનોની જેવા બે તકનીકી ઉકેલો આપી ટેકો પૂરો પાડ્યો છે. આ પહેલ સ્થાનિક કક્ષાએ થતા મરચાંના પ્રોસેસિંગની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવ્યો છે. નવા મશીનો ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો કરશે, ઉત્પાદન ક્ષમતા વધારશે અને કામગીરીને સુવ્યવસ્થિત કરશે. સંસ્થા દ્વારા અપાયેલ આ ટેકો સ્થાનિક ખેડૂતોની આજીવિકાને વેગ આપશે અને સમુદાયની ખેતીની મૂલ્યવર્ધન સાંકળને મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે.





**૮ ગામડાઓની કુલ ૭૬ મહિલાઓને કોટા સ્ટોનના ટેબલ આપી તેમની ઈમિટેશન ઘરેણા બનાવવાના કામને વધારવામાં મદદ કરવામાં આવી.**





## પશુઓના સ્વાસ્થ્યમાં સુધારો થાય અને દૂધ ઉત્પાદકતા વધે તે હેતુથી કુલ ૩૭૪ મહિલાઓ અને ૫ પુરુષોને પ્રાણીઓ માટે પીવાના પાણીની ટાંકીઓ, SSS-AI અને એઝોલા બેડની સહાય આપવામાં આવી.











## બાયફ સંસ્થાના શૈક્ષણિક સહયોગથી ૫ ગામની ૨૦૫ મહિલાઓ માટે પશુપાલન શ્રેષ્ઠ પદ્ધતિઓ પર આજીવિકા તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



## ગોંડલ વિસ્તારના ૧૦ ગામોની ૪૦૩ મહિલાઓ સાથે ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ પૂર્ણ કર્યો.




## રિલાયન્સ ફાઉન્ડેશનના ઓપરેશનલ હેડ નીતિનભાઈ અને અરવિંદભાઈ, ડીપીએમ (રાજસ્થાન ટીમ) દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ સંસ્થાની મુલાકાત કરવામાં આવી.









## રિલાયન્સ ફાઉન્ડેશનદ્વારા તા. ૨૨ માર્ચ ૨૦૨૫ ના રોજ 'વિશ્વ જળ દિવસ' નિમિતે કાર્યવિસ્તારના લાભાર્થીઓ સાથે ઓનલાઇન સીધો સંવાદ યોજાયો.







## મહિલાઓની ખેતી વિષયમાં ટેકનીકલ બાબતોમાં હાજરી સુનિશ્ચિત કરવા જમીન પરીક્ષણના નમુના મહિલાઓને હાજર રાખી લેવામાં આવે અને જમીન સુધારણા બાબતે પણ તેમની સાથે વાત થાય તેવા પ્રયત્નો સંસ્થાએ શરુ કર્યા.



Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREAT NONPROFITS 2023 TOP-RATED NONPROFIT

GuideStar India GOLD — Transparency Certified — Valid till Jun 2021 — Awarded to GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

GuideStar India — Commitment to Transparency Verified, Valid till Dec 2023 — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org
info@sskkamreli.org